
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ કન્યા**

**આજના ગ્રહોની કુંડળી**




**ચાંડાલ યોગ ચાલુ છે. કાલસર્પ યોગ ચાલુ છે. જો જન્મના ગ્રહો સારા હશે તો -**

**મેષ** છઠ્ઠે ચંદ્રનો શુભયોગ છે પરંતુ આઠમે શનિ - મંગળની યુતિનો અશુભ યોગ ચાલે છે. જેથી કરીને આપને આજના દિવસમાં મિશ્રફળ મળે. લાભાલાભ થાય.

**વૃષભ** આઠમે મંગળ - શનિની યુતિ તથા ચોથે ચાડાંલ યોગના કારણે દસમા સૂર્યની સારું ફળ મળતાં થોડો વત્તો વિલંબ થશે. રાશિપતિની બુધ સાથેની યુતિ બુદ્ધિના ચમકારા મરાવે.

**મિથુન** ચોથે ચંદ્ર - આઠમે રાશિપતિની શુક્ર સાથેની યુતિના કારણે આપને અચાનક અણધાર્યા લાભ અપાવે. છઠ્ઠે સ્વગૃહી મંગળ - શનિની યુતિ શત્રુઓ - રોગો ઉપર નિયંત્રણ અપાવે.

**કર્ક** સાતમે બુધ શુક્રની યુતિનો સારો યોગ તમારી રાશિને ઘણા જ લાભ અપાવે તેમ છે. શ્વાસની બિમારી ના થાય તેવી કાળજી રાખવી. વ્યસનોથી દૂર રહેવું.

**સિંહ** રાશિમાં ચાંડાલ યોગની અસરો સાતમે સૂર્ય હોઈ દૂર થઈ જાય છે. બીજે ચંદ્ર સારો છે - તમારું વ્યક્તિત્વ સૌમ્ય રહેશે - ગુસ્સો ના કરશો.

**કન્યા** રાશિનો ચંદ્ર તમારા આજના દિવસને આનંદમાં પસાર કરાવશે. ત્રીજે મંગળ શનિ તમોને ગળાના રોગો - વાઈરલના કરાવે તેનું ધ્યાન રાખશો.

**તુલા** ચોથે બુધ શુક્રની શુભ ગ્રહોની યુતિ તમોને માતા-પિતા તરફથી લાભ અપાવે ને કૌટુંબિક સુખ શાંતિ અપાવે - માનસિક શાંતિ અપાવે.

**વૃશ્ચિક** રાશિમાં શનિ મંગળની યુતિ ફેફસાંને પીઠના દુ-ખાવાના દર્દો લાવે - રાશિમાં બંને શત્રુ ગ્રહો હોઈ તમારી તંદુરસ્તી જોખમાવે - શ્વાસના દર્દોથી સાચવવું.

**ધન** રાશિ પર રાશિપતિ ગુરુની દ્રષ્ટિ હોઈ સુખ - શાંતિ - ઐશ્વર્ય જળવાશે પરંતુ બારમે શનિ મંગળની યુતિ તમોને ખર્ચના મોટા ખાડામાં ન ઉતારે તેનું ધ્યાન રાખશો.

**મકર** રાશિમાં બુધ શુક્ર છે જે શુભ ગ્રહો છે પરંતુ આઠમે રાહુ ગુરુની યુતિ તમોને અચાનક શારીરિક તંદુરસ્તી જોખમાવેને ખર્ચના ખાડામાં ન ઉતારે તે જોશો.

**કુંભ** રાશિમાં સૂર્ય સાતમા પોતાના ઘરને જોતો હોઈ લોકભાગીદારીને લોકપ્રિયતા પ્રાપ્ત કરો. સાતમે ગુરુ આપની રાશિને જુએ છે જે સારો યોગ ઉત્પન્ન કરે છે.

**મીન** સાતમે ચંદ્ર આપની રાશિને પૂર્ણ દ્રષ્ટિથી જુએ છે જે સારો યોગ છે. અગિયારમે બુધ - શુક્રની યુતિ આપની રાશિ માટે ફાયદાકારક છે - પ્રગતિ કરો.



ઉત્તર ગુજરાતમાં રેલવેને લગતી અનેકવિધ સમસ્યાઓ છે ત્યારે ચાલુ વર્ષે બજેટમાં સરકાર આ સમસ્યાઓનું નિરાકરણ લાવે તેવી માંગ ઉઠી છે.

# અમિત શાહ-વિજય રૂપાણીના અભિવાદનની તડામાર તૈયારીઓ

અમદાવાદ, તા.૨૪

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી રહેલા અમિત શાહ અને હાલમાં જ ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે ચૂંટાયેલા વિજય રૂપાણીનું ભવ્ય સ્વાગત કરવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે. આની તડામાર તૈયારીઓ પણ શરૂ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાતની મુલાકાતે આવી રહેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ ઉપરાંત તાજેતરમાં પ્રદેશ પ્રમુખ તરીકે ચૂંટાયેલા વિજયભાઈ રૂપાણીનું પણ ૨૯મીના રોજ કોબા ખાતેના પ્રેક્ષા ભારતી કેન્દ્રમાં ભવ્ય સ્વાગત કરવામાં આવશે. આ કાર્યક્રમના અનુસંધાને પુરુષોત્તમ રૂપાલા, આર સી ફળદુ ઉપરાંત પ્રદેશ હોદ્દેદારો, મોરચાના પ્રમુખો, જિલ્લા મહાનગરના પ્રભારીઓ, જિલ્લા મહાનગરના પ્રમુખોની બેઠક યોજાઈ હતી અને તેમાં અભિવાદન કાર્યક્રમને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. અમીતભાઈ શાહની અધ્યક્ષ તરીકેની બીજીવાર વરણી થયા બાદ તેઓ પ્રથમ વખત ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. રાજયના કાર્યકર્તાઓ અને પ્રદેશ ભાજપ માટે ગૌરવપ્રદ સમી બાબત એ પ્રદેશ ભાજપના કાર્યકર્તા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટાયા હોવાથી અમીતભાઈ શાહનું અમદાવાદ એરપોર્ટ ખાતે શાનદાર સ્વાગત કરવામાં આવશે. કોબામાં પ્રેક્ષા ભારતી કેન્દ્રમાં હજારો કાર્યકર્તાઓ અને રાષ્ટ્રીય તેમજ પ્રદેશના આગેવાનોની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય અધ્યક્ષ અમીતભાઈ શાહનું તેમજ ગુજરાત ભાજપના અધ્યક્ષ વિજયભાઈ રૂપાણીનું જાહેર અભિવાદન કરવામાં આવશે. અભિવાદન કાર્યક્રમ બાદ અમીતભાઈ શાહની ઉપસ્થિતિમાં કાર્યક્રમ પણ યોજવામાં આવશે. ધારાસભ્યો સાથે બેઠક પણ યોજાશે. જાડેજાએ જણાવ્યું હતું કે, પ્રદેશ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણીએ યોજેલી પરિચય બેઠકમાં સંગઠનાત્મક કાર્યક્રમો ઉપરાંત સંગઠન સંરચના અંગે પદાધિકારીઓને માર્ગદર્શન તેમજ આગામી કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા હાથ ધરી હતી.

# અરવલ્લી-સાબરકાંઠાના હવામાનમાં પલટો વાદળો ઘેરાયા : રોગચાળાની દહેશત

મોડાસા, તા.૨૪

ઉત્તર ગુજરાતમાં અપરએર સાયકલોનીક સરકયુલેશનની અસરથી અરવલ્લી-સાબરકાંઠાના જિલ્લાઓમાં હવામાને કરવટ બદલતાં આકાશે વાદળો ઘેરાઈ આવ્યા હતા અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. જેનાથી ખેતીને નુકશાનની ભીતી તેમજ રોગચાળાની દહેશત વર્તાઈ રહી છે.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા થઈ રહ્યો છે. સતત વાદળો ઘેરાયેલા રહેતા માવઠાની સદભાવના દેખાતા શિયાળુ ખેતપેદાશો જેવી કે ઘઉં, જીરૂ, વરીયાળી, તડબૂચ જેવા પાકોમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત ડોકાતા બંને જિલ્લાના ભૂમિપુત્રો ચિંતીત બન્યા છે. ચોમાસામાં વરસાદની અનિયમિતતાના લીધે અને કપાસના પોષણક્ષણ ભાવો ન મળતા ખેડૂતોની હાલત કફોડી બની હતી ત્યારે શિયાળાની ઋતુ પૂર્ણ થવાના આરે



ચારેક દિવસથી પલટાયેલા વાતાવરણ વચ્ચે ઠંડીનું પ્રમાણ ઘટતા દિવસ દરમિયાન લોકોને ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. જાણે ઉનાળાની ધીમા પગલે શરૂઆત થઈ ચુકી છે તેવું માનતા પ્રજાજોનેને કુદરતે ફરીથી ચકમો આપતા હવામાને કરવટ બદલતાં બંને જિલ્લામાં વાદળો સતત ઘેરાઈ આવતા જિલ્લાના પ્રજાજનોને બે ઋતુનો અનુભવ છે ત્યારે વરસાદની સંભાવના પેદા થતા ખેડૂતોના માથે ચિંતાની લકીરો ખેંચાઈ છે.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં સતત વાદળછાયા વાતાવરણથી બંને જિલ્લાના પ્રજજનોમાં શરદી-ખાંસી, ગળાનો દુખાવો, તાવ જેવી વાઈરલ બિમારીઓ વધતા તેમને તબીબી સારવાર લેવાની ફરજ પડી રહી છે.

# સુરેન્દ્રનગર જિલ્લાના યુવાને ઝેરી દવા પીને ફોઈના ઘરે જીવન ટુંકાવ્યું

મેઘરજ, તા. ૨૪

મેઘરજ તાલુકાના કંટાળુ ગામની ચંદ્રકાબેન લાલજીભાઈ ગોરાના બે વર્ષ અગાઉ વઢવાણ, સુરેન્દ્રનગર જિલ્લાના હિતેશભાઈ બચુભાઈ મકવાણાના પ્રેમલગ્ન થયા હતા. તેઓ બન્ને મેઘરજ તાલુકાના લખીપુર ગામે ચંન્દ્રકાબેનની ફોઈ હોઈ અવારનવાર તેઓ આવતા જતાં હતા. પરંતુ અઠવાડિયા પહેલા ચંન્દ્રકાબેન લખીપુર આવ્યા હતા અને તેઓ તેમની ફોઈના ત્યાં રોકાયા હતા. તા. ૨૨-૨-૨૦૧૬નો સોમવારે સાંજે ૬ વાગ્યે હિતેશ લખીપુર ચંન્દ્રકાની ફોઈને નીરૂબેનને ત્યાં આવ્યો હતો.

રાત્રીના સમયે જમ્યા પછી બધા સુઈ ગયા હતા. વહેલી સવારે ૪ વાગ્યાના અરસામાં હિતેશને ઉલ્ટીઓ થતાં બધા જાગી ગયા હતા અને નજીક જઈને જોયું તો હિતેશ પાસેથી ઝેરી દવાની વાસ આવતી હતી. તરત જ ચંન્દ્રકાબેન દ્વારા ૧૦૮ને ફોન કરવામાં આવ્યો હતો. પરંતુ ૧૦૮ આવે તે પહેલા હિતેશનું મૃત્યુ થયુ હતુ. જે ઘટના વિશે નીરૂબેને ઈસરી પોલીસને જાણ કરી હતી. ઈશરી પોલીસે સી.આર.પી.સી. કલમ ૧૭૪ મુજબ ગુન્હો નોંધી મૃતકના મૃતદેહને પી.એમ. અર્થે મેઘરજ સરકારી દવાખાને મોકલી આપી હતી અને મૃતક સુરેન્દ્રનગરના વઢવાણ ગામનો હોઈ તેના વાલી વારસોને સુરેન્દ્રનગરના વઢવાણ ગામે જાણ કરવામાં આવી હતી.

### સુરેન્દ્રનગરના વઢવાણ ગામેથી પરિવારજનો દોડી આવ્યા હત્યાની આશંકાથી : પેનલ પી.એમ. કરાવ્યુ

સુરેન્દ્રનગરના વઢવાણ ગામના યુવકનુ લખીપુર ગામે મોત નિપજવાની જાણ મૃતકના પરિવારજનોને કરતા તેઓ તાબડતોડ મેઘરજ આવવા રવાના થયા હતા અને પરિવારજનોએ સ્થળ પર ન પહોંચે ત્યાં



સુધી મૃતદેહનું પી.એમ. અટકાવી દઈ મંગળવારે રાત્રીના ૧૦વાગ્યાની આસપાસ મેઘરજ હોસ્પિટલમાં પહોંચી ગયા હતા અને યુવકની આત્મહત્યા નહિ હત્યા થઈ હોવાનું જણાતા અને કાશળ કાઢી નાખવાનુ કાવત્રુ જણાવી પેનલ પી.એમ.ની માંગ કરતા મંગળવારે સવારના મૃતક યુવાનનું બુધવારે સવારે ૧૦ વાગ્યાની આસપાસ મેઘરજ રેફરલ હોસ્પિટલના ડૉ. રાઠોડ અને અન્ય ત્રણ તબીબોની ટીમે મૃતક યુવાનનુ પી.એમ. કરતા મામલો થાળે પડ્યો હતો. મૃતક યુવતકના પરિવારજનોની માંગ સ્વીકારાતા અને પેનલ પી.એમ. થતા મૃતક યુવાનનો મૃતદેહ લઈને બુધવારે બપોરે પરિવારજનો વઢવાણ જવા રવાના થયા હતા.

# ઉત્તર ગુજરાતના મુસાફરોની રેલવે બજેટમાં અપેક્ષા છે

ડીસા, તા. ૨૪

રેલવે મંત્રી સુરેશ પ્રભુ સતત બીજા વર્ષે રેલવે પેસેંજર્સ પર કૃપા કરશે એવી શક્યતા છે. ૨૫ ફેબ્રુઆરીએ જાહેર થનારા રેલવે બજેટમાં ભાડા વધવાની શક્યતા નથી. ઉપરાંત, નવી સેમી હાઈસ્પીડ ટ્રેન 'ગતિમાન', વિવિધ કન્સેશનમાં ઘટાડો અને રેલવે પ્રોપર્ટીનું મોનેટાઈઝેશન રેલવે બજેટની અન્ય હાઈલાઈટ્સ રહેશે. પ્રભુએ રોકડની ખેંચ અનુભવી રહેલી રેલવે માટે આવક એકત્ર કરવા ઈનોવેટિવ વિકલ્પ પર ધ્યાન કેન્દ્રીત કર્યુ હોવાથી તે ભાડા યથાવત રાખે તેવી શક્યતા છે.

બનાસકાંઠાની વાત કરીએ તો અહી મુખ્ય બે જંકશન આવેલા છે, જેમાં પાલનવપુર અને ભીલડી જંકશન છે જેમાં વહેપારી મથક ડીસા પણ વહેપાર ધંધાથી છેક મુંબઈ અને અન્ય રાજ્યો સાથે જોડાયેલું હોઈ અહીના મુસાફરો વર્ષોથી પોતાની માંગ અને હક્ક માટે લડી રહ્યા છે. જેમાં ચેમ્બર્સ ઓફ કોમર્સ પણ જોડાયેલું છે. અહીની મુખ્ય જરૂરીયાત અને માંગ પર નજર નાખીએ તો, ડીસા રેલવે સ્ટેશન પર ટ્રેન નંબર ૧૨૪૮૯/૧૨૪૯૦ દાદર-બિકાનેર એક્ષપ્રેસને સ્ટોપેજ મળ્યુ નથી. જેનું કારણ એ છે કે આ ટ્રેન સપ્તાહમાં માત્ર બે દિવસ ચાલે છે. રેલવે વિભાગ માંગના સંદર્ભે વાહિયાત તર્ક રજુ કરે છે કે ભીલડી ૧૯ કી.મી. અને પાલનપુર ૨૮ કી.મી. નજીકના સ્ટેશન છે. જ્યારે નડીયાદ અને આણંદ વચ્ચે ૧૫ કિ.મી. અંતર છે. તોય ત્યાં બન્ને જગ્યાએ સ્ટોપેજ છે. આજ ગાડીને મુંબઈથી નજીક વાપીમાં પણ સ્ટોપેજ તો ડીસા ને કેમ નહિ ? ડીસાથી મુંબઈ ટ્રેનમાં રૂ. ૨૦૦ ભાડુ છે ત્યારે ખાનગી લકઝરીમાં ૧૦૦૦ થી રૂ. ૧૨૦૦ ભાડુ છે. દાદર-ભુજ ટ્રેન નં. ૧૨૯૫૯/૧૨૯૬૦ સપ્તાહમાં માત્ર બે દિવસ છે. જેની ફિકવન્સી વધારી અઠવાડિયામાં ૪ વખત કરવી, જ્યારે ભગવતી કોઠી (જોધપુર)થી અમદાવાદ જતી ટ્રેન નંબર-૧૪૮૦૩/૧૪૮૦૪ સપ્તાહમાં માત્ર એકજ દિવસ ચાલે છે, જેને સપ્તાહમાં ૩ થી ૪ દિવસ ચલાવવી જ્યારે બાડમેરથી યશવંતપુર (બેંગ્લોર) એ.સી. ટ્રેન સપ્તાહમાં એકજ દિવસ ચાલે છે. જેને સપ્તાહમાં ૩ થી ૪ દિવસ ચલાવવી તો વળી, જોધપુર-ભીલડી ટ્રેન જે ભીલડી પહોંચી પડી રહે છે તેને અમદાવાદ સુધી લંબાવવી તેમજ ગાંધીધામથી પાલનપુર ઈન્ટરસીટી ટ્રેન નં. ૧૯૧૫૧/૧૯૧૫૨ તેમજ ભુજ પાલનપુર લોકલ ટ્રેન - ૫૯૪૨૫/૫૯૪૨૬ બંને ટ્રેનો કચ્છ તરફથી વહેલી સવારે માત્ર દોઢ કલાકના તફાવતમાં પાલનપુર આવે છે અને તે બાદ બપોરે બે કલાકમાં પરત કચ્છ જાય છે, જેમાં જો તફાવત કરી એક ટ્રેન કચ્છથી આવે અને બીજી ટ્રેન પાલનપુરથી કચ્છ રવાના કરાય તો મુસાફરોને વધુ લાભ થાય તેમ છે.

### વિધાનસભામાં ગાંધીનગર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તંત્રએ કરેલા પ્રયત્નોને કારણે ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ગાંધીનગરમાં ૧૫૮૯, દહેગામમાં ૧૨૨૮, કલોલમાં ૨૦૧૮ અને માણસામાં ૪૫૨ બાળકો મળ્યા હતા. જે ૪૨૬૫ બાળકોનો ઘટાડો દર્શાવે છે.

જ્યારે અતિ ઓછુ વજન ધરાવતા બાળકો ગાંધીનગરમાં ૨૦૪, દહેગામમાંથી ૧૮૬, કલોલમાંથી ૩૧૯ અને માણસામાંથી ૪૭ મળ્યા હતા. જે ૩૨૩નો ઘટાડો દર્શાવે છે.

તેમણે જણાવ્યું હતું કે ૬ માસથી ૩ વર્ષના બાળકોને ટેક હોપ રેશન તરીકે અનાજ આપવામાં આવે છે અને તેમાંથી નિદર્શન ભોજન તરીકે રાબ અને સુખડી બનાવી બાળકોને આપવામાં આવે છે.

સરકાર દ્વારા આ ઉપરાંત ૬ માસથી ૯ માસના બાળકો માટે અન્ન પ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે. આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતા મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને સપ્તાહમાં બે દિવસ ફળ આપવામાં આવે છે. ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને ટીએચઆર તરીકે ત્રીજુ ભોજન લાડુ બનાવી આપવામાં આવે છે. આ ઉપરાંત ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને ટીએચઆર તરીકે પ્રિમિક્ષમાં બાલ ભોગના ૪ પેકેટ આપવામાં આવે છે.

### હોલ ટીકીટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાતાવરણમાં પરિક્ષાલક્ષી કાર્યવાહી વધુ પારદર્શક રીતે થાય તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરિક્ષાને અનુલક્ષી તા ૨૫ ફેબ્રુઆરીના રોજ શાળાઓમાં વિદ્યાર્થીઓને રિસિપ્ટનુ વિતરણ કરવામાં આવશે. પરિક્ષાના આડે હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહયા હોવાથી વિદ્યાર્થીઓ પણ પરિક્ષાની તૈયારીમાં ગળાડુબ બન્યા છે.

### સ્વાઈન ફ્લુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. જોકે કોઈ શંકાસ્પદ કેસ તાવનો, ફ્લુની બિમારીનો મળી આવ્યો નથી.

અત્યારે હવામાનમાં ચાલી રહેલી બદલાવની સ્થિતિને પગલે નવા કેસો વધવાની સંભાવનાઓ હોવાનું જણાવતાં આ સૂત્રોએ તમામ અધિકારીઓને સતર્ક કરી પરિસ્થિતિ પર નજર રાખવા જણાવ્યું છે.

જિલ્લામાં છેલ્લા બે દિવસ દરમ્યાન ત્રણ શંકાસ્પદ દર્દીઓ મળ્યા હતા પરંતુ તેમના રિપોર્ટ નેગેટીવ આવ્યા હતા તે ઉલ્લેખનીય છે.

જિલ્લામાં ગત વર્ષની તુલનામાં સ્વાઈન ફ્લુના કેસ આ સમયગાળામાં ઓછા નોંધાયા હોવાનું પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જિલ્લામાં સ્વાઈન ફ્લુ અંગેનું લોક-જાગૃતિ અભિયાન પણ તંત્ર દ્વારા હાલ ચાલી રહ્યુ હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

### સંસદમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભૂમિકા હોવાનો મામલો સપાટી ઉપર આવ્યો હતો. ઈતિહાસમાં આવું ક્યારેય બન્યું નથી કે, ભારત સરકારે કોઈ યુનિવર્સિટીમાં દરમિયાનગીરી કરી હોય છે. હૈદરાબાદ યુનિવર્સિટીમાં કેન્દ્રએ દરમિયાનગીરી કરી હતી. સિંધિયાએ કહ્યું હતું કે, સરકારમાં આ બાબતને લઈને પણ ચર્ચા શરૂ થઈ ગઈ છે કે, રોહિત દલિત છે કે નહીં તે દુખદ બાબત છે. કોંગ્રેસના નેતાએ આક્ષેપ કર્યો હતો કે, જેએનયુમાં વિદ્યાર્થીઓ ઉપર દેશદ્રોહનો મામલો ચલાવવામાં આવી રહ્યો છે. કારણે તેઓએ રોહિતનો મામલો ઉઠાવ્યો હતો. યુજીસીમાં રહેલી ખામીઓનો મુદ્દો ઉઠાવ્યો હતો. ભગવા ત્રાસવાદનો મુદ્દો ઉઠાવ્યો હતો. માત્ર નારાબાજી કોઈ અપરાધ નથી. સિંધિયાએ કહ્યું હતું કે, આજે યુવાનો સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્ટેન્ડ અપ ઈન્ડિયાના બદલે લીવ એન્ડ લેટ લીવ ઈન્ડિયાની વાત કરી રહ્યા છે.

### ક્રુરતાપૂર્વક હત્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાવોલ- ઉવારસદ રોડ પર વાવોલ ગામની સીમમાં સ્થિત ગરનાળા નજીક એક ખેતરમાં હત્યા કરી દેવાયેલી હાલતમાં આજે સવારે આશરે ૨૫ થી ૩૦ વર્ષિય યુવાનનો માથા વગર પડેલો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. સવારે કોઈ સ્થાનિકે મૃતદેહ જોઈ પોલીસને જાણ કરતા સે-૭ પોલીસની ટીમ બનાવ સ્થળે પહોંચી ગઈ હતી. સ્થળ નિરીક્ષણ કરતા એક નાની ચેહરમાની દેરીની બાજુમાં મૃતદેહ અત્યંત ક્રુરતા પૂર્વક હત્યા કરાયેલી હાલતમાં પડ્યો હતો. જેનો ડાબો હાથ કાંડા થી કપાયેલો હતો અને જમણા હાથમાં પણ ઘા વાગેલો હતો. કાંડાથી કપાયેલો અડધો હાથ અને મૃતકનું માથું બંન્ને ગાયબ હતું. હત્યારાઓ માથું અને કપાયેલો હાથ બંન્ને વાઢી ભાગી ગયા હતા. જયારે તેનું ગુપ્તાંગ પણ કાપી નાંખેલું હતું. કોઈ તીક્ષ્ણ હથિયાર વડે બેરહેમીપૂર્વક કરવામાં આવેલી હત્યાનું કારણ મૃતકની ઓળખ થાય પછી બહાર આવી શકે પરંતુ હજુસુધી મૃતક કોણ છે તે પણ જાણી શકાયું નથી. મૃતકના કપડા પરથી કોઈ મજુર હોવાની શકયતાને પગલે કોન્ટ્રાકટરોનો સંપર્ક કરી પોલીસે મૃતકની ઓળખ માટે ગતિવિધિ શરુ કરી છે. માણસા વિસ્તારનો કોઈ મજુર હોવાની લીંક મળતા પોલીસે માણસામાં તપાસ કરવા ટુકડી મોકલી દીધી છે જો કે મોડીસાંજ સુધી વાલી વારસ મળી શકયા ન હોવાથી ઓળખ હજુ થઈ શકી નથી. ડોગ સ્કવોડને બોલાવી પોલીસે હત્યારા સુધીનું પગેરુ મેળવવા તજવીજ શરુ કરી હતી દરમિયાન ડોગ ખેતરોમાં થઈને પુન્દ્રાસણ રોડ તરફ જઈ અટકી ગયો હતો જેને પગલે પોલીસ પણ ગુંચવાઈ છે. બીજી તરફ એફએસએલના સાયન્ટીફીક ઓફીસર જી.પી દરબાર તથા તેમની ટીમ પણ મર્ડરના સ્થળ પર પહોંચી ગઈ હતી. કોઈ તીક્ષ્ણ હથિયાર વડે ગળાના ભાગે એક જ ઝાટકાનો ઘા મારી ગળુ કાપી નાખ્યું હોય તેવી સંભાવના છે. હત્યા સમયે યુવાનને મારેલા ઝાટકા સાથેના ઘા થી લોહીની પીચકારી નજીકમાં પડેલા ઈંટોના ઢગલા પર પડી હતી. તે લોહીના સેમ્પલ, લોહીભીની માટી, ઈંટના ટુકડા, સહિતના સેમ્પલો લઈ એફએસએલમાં તપાસ અર્થે મોકલવામાં આવ્યા છે. હત્યાનો ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી મૃતકની ઓળખ અને હત્યારાઓ તથા હત્યાના કારણ સુધી પહોંચવા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

### રેલવે બજેટ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ભાડામાં ફેરફાર કરવામાં આવી શકે છે. ધાર્મિક સ્થળોને જોડતી સર્વિસ અને આ સ્ટેશનનો સુધી નવી ટ્રેનની જાહેરાત કરવામાં આવી શકે છે. રેલવે બજેટમાં હાઈસ્પીડ ટ્રેનની જાહેરાતની પણ શક્યતા છે. બજેટ બનાવવાની પ્રક્રિયામાં રહેલા એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે કોઈ પણ પ્રકારના ભાડામાં વધારો કરવાની હાલમાં સ્થિતી નથી. પરિબળો સાનુકુળ દેખાઈ રહ્યા નથી. રજૂ કરવામાં આવનાર પોતાના બીજા બજેટને પ્રભુ લોકલક્ષી બનાવી શકે છે. ડબ્બાઓની ક્ષમતા વધારવાની પણ જાહેરાત થશે.

### પારણા કરાવ્યા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

લઈને શહેરની સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવી દેવામાં આવી હતી. પાટીદાર અનામત આદોલન અંગે વિસનગરમાં યોજાયેલી રેલીમાં સર્જાયેલી હિંસક ઘટનાઓના કેસમાં આરોપી બનેલા પાસના કન્વીનરન હાર્દિક પટેલને કડક પોલીસ બંદોબસ્ત હેઠળ વિસનગર કોર્ટમાં રજુ કરાયોહતો. ગઈકાલે જેલમાં હાર્દિકને મળીને બહાર આવેલા વિઠ્ઠલ રાદડિયાએ જણાવ્યું હતું કે, પાટીદાર સમાજ અનામતનો લાભ મેળવવા છેલ્લા ૬ મહિનાથી સંઘર્ષના અંતે સરકારે સમાધાન માટે હા પાડી છે.

# અસ્થિર મગજની વ્યક્તિ હોર્ડિંગ્સ પર પહોંચી ગઈ

અમદાવાદ, તા.૨૪

અમદાવાદના સી જી રોડ વિસ્તારમાં આવેલા લાલ બંગલા પાસેના વિશાળ કદ ધરાવતા હોર્ડિંગ્સ ઉપર નિંવસ્ત્ર હાલતમાં બપોરના સુમારે ચઢી જતા આ ઘટનાને નિહાળવા લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આ તરફ ફાયર વિભાગને રેસ્કયુ કોલ મળતા ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. પરંતુ ફાયરની ટીમને જોતાની સાથે જ પાગલે કુદકો મારતા તે પટકાઈ પડતા બેહોશ હાલતમાં તેને સારવાર માટે વી એસ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો છે. ઘટના અંગે ફાયર વિભાગ સુત્રોના કહેવા મુજબ બપોરે સવા બેના સુમારે કોઈ અસ્થિર મગજનો પુરૂષ નિવસ્ત હાલતમાં સી જી રોડ લાલ બંગલા પાસે લગાવવામાં આવેલા હોર્ડિંગ્સ ઉપર ચઢી ગયો છે. તેવો મેસેજ મળતા જ ફાયરની રેસ્કયુ ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જે સ્થળે પાગલ હોર્ડિંગ્સ ઉપર નિર્વસ્ત્ર હાલતમાં ચઢી ગયો હતો તેની ઊંચાઈ ચાર માળ જેટલી હોઈ પાગલે જેવું જોયું કે, ફાયરની સ્નોર સ્કેલ તેના તરફ આવી રહી છે તે જ ક્ષણે નીચે તરફ કુદકો મારતા



પાગલને સહી સલામત નીચે ઉતારવા માટે સ્નોર સ્કેલની મદદ લેવામાં આવી હતી. આ તરફ પટકાઈ પડવાથી બેહોશ થતાં તેને સારવાર અર્થે વી એસ હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો છે.

## ખેતી નિયામકશ્રીની કચેરી, ગુ.રા.

**કૃષિભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦**

ખેતી નિયામકશ્રીની કચેરી, કૃષિભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગરની કચેરી ખાતેના દરેક શાખાના વિવિધ પ્રિન્ટર મશીનોની કાર્ટીઝ રીફીલીંગના ઓન કોલ બેઝીસ રેટ કોન્ટ્રાક્ટ કરવાના થાય છે. આથી રસ ધરાવતી પાર્ટીઓએ ઈકોસ્ટેટ શાખા, ચોથે માળ, ખેતી નિયામકશ્રીની કચેરી, સેક્ટર-૧૦એ, કૃષિભવન ખાતેથી નિયત પત્રક મેળવી સીલબંધ કવર ઉપર 'કાર્ટીઝ રીફીલીંગના ભાવપત્રક' લખી જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૭માં ઉક્ત સરનામે રૂબરૂ જમા કરાવવાના રહેશે.

તા. ૧૮/૨/૨૦૧૬

સહી/-
ખેતી નિયામક
ગુ.રા., ગાંધીનગર

માહિતી/૨૬૬૦/૨૦૧૫-૧૬

## જાહેર નિવિદા નં.૩ સને ૨૦૧૫-૧૬

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરી માર્ગ પેટા વિભાગ, બ્લોક નં.એ, પાટનગર યોજના ભવન બીજા માળે, સેક્ટર-૧૬, ગાંધીનગર (ફોન નં. ૨૩૨૨૩૮૫૯)ની કચેરી તરફથી રજીસ્ટર્ડ કોન્ટ્રાક્ટરો બેકાર ઈજનેરો અને સેલટેક્ષ નંબર ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી નીચે જણાવેલ કામો સીલબંધ ટેન્ડર રજીસ્ટર પોસ્ટ એ.ડી./ સ્પીડ પોસ્ટ એ.ડી.થી માંગવામાં આવે છે.

| અ. નં. | કામનું નામ | (૧) બાનાની રકમ (૨) ટેન્ડર ફી (૩) રજીસ્ટ્રેશનની કક્ષા (શ્રેણી) | ટેન્ડરો ઈસ્યુ કરવાની તારીખ / ટેન્ડરો સ્વીકારવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૬૮ રાધનપુર-કામલપુર ખાલલ-રોડા-દુનાવાડા-પાટણ-ચાણસ્મા-મહેસાણા-ખેરવા-ગોઝારીયા-સામા-ચુરાદા-કુવાદરા રોડ કિ.મી.૪૨૬/૫૦૦ થી ૫૯૧/૫૮૫ ઉપર નવા કિલોમીટર અને ૫ (પાંચ) કિલોમીટરના સ્ટોન લગાવી તેમજ કલરકામ કરી લખાણ સાથેની કામગીરી. | ૧. ૩૦૦૦.૦૦ ૨. ૩૦૦.૦૦ ૩. ઈ-૨ અને ઉપરની શ્રેણી | ૧૦/૩/૨૦૧૬ / ૨૧/૩/૨૦૧૬ |

આ કામની વિગતવાર નોટીસ ગુજરાત રાજયના માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com પર મુકવામાં આવેલ છે. આ કામ અંગેની વધુ માહિતી કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીમાં રૂબરૂ મુલાકાત સાધવાની મળી શકશે.

માહિતી/૨૬૫૭/૨૦૧૫-૧૬